:: જાહેરાત ક્રમાંક - ૩/૨૦૨૩-૨૪ ::

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

## બિનઉપયોગી ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી અંગેની નોટીસ

જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના બિનઉપયોગી ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી તા.૨૬-૦૨-૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોને હરાજીના દિવસે હરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા જણાવવામાં આવે છે. વિગતવાર માહિતી www.nau.in વેબસાઈટ પરથી મેળવી શકશો.

**નવસારી**

**તા.૦૨/૦૨/૨૦૨૪** **પ્રાધ્યાપક અને વડા**

માહિતી/નવસારી/૫૭૫/૨૦૨૪

**"ગુજરાત સમાચાર" તા. ૦૪-૦૨-૨૦૨૪ સુરત આવૃત્તિમાં જાહેરાત આપેલ છે**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડીપોઝીટની રકમ | : | ૫૦૦૦/- |
| ૨ | હરાજીની તારીખ | : | ૨૬-૦૨-૨૦૨૪ |
| ૩ | હરાજીનો સમય | : | બપોર પહેલા ૧૧.૦૦ કલાકે |
| ૪ | હરાજીનું સ્થળ | : | જનીનવિધા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.મ. કૃષિ મહાવિધાલય, નવસારી કૃષિ યુનીવર્સીટી, નવસારી – ૩૯૬ ૪૫૦ |

# <u>બીનઉપયોગી ડેડસ્ટોક આઈટમોની હરાજીની શરતો:</u>

૧. ડેડ સ્ટોક બીનઉપયોગી આઈટમો અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતીમાં છે તે રીતે તેમજ અત્રેની કોઈપણ જવાબદારી સિવાય જાહેર હરાજીથી વેચાણ કરવાના છે

૨. ડેડ સ્ટોક બીનઉપયોગી આઈટમો જાહેરાતમાં દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે **૧૦.૩૦ થી ૧૭.૦૦** કલાક સુધીમાં જોવા મળશે.

૩. હરાજીમાં ભાગ લેનાર ઈસમે **રૂા. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ડિપોઝીટ પેટે જમા કરાવ્યા બાદ "બોલી" બોલી શકાશે.** હરાજી પૂર્ણ થયા બાદ વધુમાં વધુ ભાવ બોલનાર સિવાયના ઈસમોની ડિપોઝીટ પરત કરવામાં આવશે.

૪. હરાજીમાં જે તે ઈસમે ડિપોઝીટ ભરી હશે તે જ ઈસમ હરાજીમાં ભાગ લઈ શકશે. ફોટો આઈડી કાર્ડ સાથે રાખવાનું રહેશે.

૫. સૌથી ઉંચી બોલી બોલનાર ઈસમે હરાજીમા બોલેલ બોલીની ૧૦% રકમ તે જ દિવસે ભરપાઈ કરવાની રહેશે. સદર આઈટમોને અત્રેથી પોતાના ખર્ચે લઈ જવાની રહેશે,તેમાં નિષ્ફળ જનારને તેમની ડીપોઝીટની રકમ કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સીટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

૬. હરાજીમાં બોલેલ સંપૂર્ણ રકમ દિન -૦૭ સુધીમાં જમા કરવામાં નહી આવે તો હરાજી રદ કરવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં હરાજીની પુરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી. ઈજારદારે પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ ફરજીયાત જમા કરાવવાની રહેશે.

૭. ડેડ સ્ટોક બીનઉપયોગી આઈટમો વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી જે તે ઈજારદારની રહેશે.

૮. ડેડ સ્ટોક બીનઉપયોગી આઈટમોનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ઈજારદારની રહેશે. ડિપોઝીટ રકમ પરત કરવાની કાર્યવાહીમાં કચેરી તરફથી વિલંબ થાય તો ડિપોઝીટ રકમ પર કોઈપણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

૯. ડેડ સ્ટોક બીનઉપયોગી આઈટમો જે તે બોલી બોલનારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનુ રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને લઈ જવા દેવામાં આવશે નહી. તેમજ હરાજી સમયે જે ઈસમે માલ સામાન રાખ્યો હોય તે બીજા ઈસમને આ સામાન તબદીલ કરી શકશે નહિ.

૧૦. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તો નવસારી કૃષિ યુર્નિવસિટી,નવસારી નો નિર્ણય આખરી ગણાશે. જે ઈજારદારને બંધન કર્તા રહેશે અને કાયદાકીય જયુરીડીકશન નવસારી રહેશે.

૧૧. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહિ. તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટી નો નિર્ણય આખરી ગણાશે. જે ઈજારદાર ને બંધનકર્તા રહેશે.

૧૨. ઈજારદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ તેમજ અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

૧૩. હરાજી મંજુર રાખવી કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીની રહેશે.

૧૪. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી પાસે તેમની સૌથી ઊંચી બોલીના ૧% રકમ ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૧૫. ડેડસ્ટોકના સાધનો ભરી જવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીનો રહેશે. તે સિવાય તથા રજાના દિવસોમાં સામાન ભરવા દેવામાં આવશે નહી.

પ્રાધ્યાપક અને વડા
જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ,
ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનીવર્સીટી,
નવસારી - ૩૯૬ ૪૫૦